# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-06-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છ : સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક

**કચ્છ કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર પાર્થ કોટડિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ અને અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજા દ્વારા અનેક પ્રજાકીય પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.**

**બેઠકમાં જી.કે. જનરલ હોસ્પિટલમાં વિનામૂલ્યે દવા વિતરણ, શાળાઓમાં નવા વર્ગખંડો, પ્રિ-મોન્સુન કામગીરી, ખેડૂતોની વારસાઈ એન્ટ્રી, પીએમ કિસાન યોજના, ડેમ નિર્માણ, વીજ કનેક્શન અને જમીન સંપાદન જેવા મહત્વના નાગરિકલક્ષી મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.**

**નિવાસી અધિક કલેક્ટરે ધારાસભ્યોની રજૂઆતોને પ્રાથમિકતા આપીને તમામ પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને સ્થળ વિઝિટ કરવા તેમજ ત્વરિત કામગીરી કરવા સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, અધિક કલેક્ટર પી.એલ.વિઠાણી સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

**--------------------------------------------------------------------------------**

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

**આવતીકાલે વૈશ્વિક સ્તરે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની "યોગ ફોર હેલ્ધી એજિંગ" થીમ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મુખ્ય રાષ્ટ્રીય ઉજવણી કોલકાતાના ઐતિહાસિક રેડ રોડ ખાતે યોજાશે.**

**જ્યારે ગુજરાતની રાજ્ય કક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરના માણસા સ્થિત શેઠ એલ.એસ. સાયન્સ કોલેજ ખાતે થશે, જેમાં ૪ હજારથી વધુ**

નાગરિકો જોડાશે. સમગ્ર રાજ્યમાં વિવિધ સ્થળોએ અંદાજે ૧ કરોડથી વધુ લોકો સામૂહિક યોગાભ્યાસ કરશે. કચ્છ જિલ્લાની મુખ્ય ઉજવણી ભુજના સ્મૃતિવન ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને યોજાશે.

-----------------------------------------------------------------------------------

## નીટ પરીક્ષા

નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTAએ જણાવ્યું કે તે આવતીકાલે યોજાનારી NEET UG 2026ની પુનઃપરીક્ષાના સરળ, ન્યાયી અને પારદર્શક સંચાલન માટે સંપૂર્ણપણે તૈયાર છે. એજન્સીએ જણાવ્યું કે આ પરીક્ષા દેશના 551 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં 22 લાખ 79 હજારથી વધુ ઉમેદવારો માટે લેવામાં આવશે. એજન્સીએ નોંધ્યું હતું કે નિરીક્ષકો, સંયોજકો, પોલીસ દળો અને વહીવટકર્તાઓ સહિત બે લાખથી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

-----------------------------------------------------------------------------------

## ડોલ્ફિનની સંખ્યા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ જળચર જીવોના સંરક્ષણના પ્રયાસોથી વર્ષ ૨૦૨૫ની ગણતરી મુજબ ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦થી વધુ ડોલ્ફિન નોંધાઈ છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગે વિસ્તારવાર વિગતો આપી હતી.

મંત્રીશ્રીના જણાવ્યા અનુસાર, કચ્છના અખાતના ઓખાથી નવલખી સુધીના વિસ્તારમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન હોવાની સંભાવના છે. જ્યારે અન્ય વિસ્તારોની વાત કરીએ તો, કચ્છ વર્તુળ હેઠળના વિસ્તારમાં ૧૬૮, ભાવનગરના દરિયાઈ વિસ્તારમાં ૧૦ તેમજ મોરબીના વિસ્તારમાં ૪ ડોલ્ફિન જોવા મળી છે.

વન વિભાગ અને માછીમારોના સંયુક્ત પ્રયાસોને લીધે કચ્છના અખાતમાં આવેલો ભારતનો આ પ્રથમ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન હવે પ્રવાસીઓ માટે ડોલ્ફિન ટુરિઝમનું મોટું આકર્ષણ બન્યો છે.

-----------------------------------------------------------------------------------

## કલા વારસો દ્વારા સંગીત રેયાણ

કચ્છની સંસ્કૃતિ અને લોકસંગીતના જતન માટે કાર્યરત સંસ્થા 'કલા વારસો' દ્વારા ૨૧ જૂન, વિશ્વ સંગીત દિવસ નિમિત્તે વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ભવ્ય 'સંગીત રેયાણ'નું આયોજન કરાયું છે. ધોળાવીરા, નારાયણ સરોવર, કિડાણા અને નિરોણા સહિતના વિવિધ ગામોમાં એકસાથે આ રેયાણ યોજાશે. જેમાં સ્થાનિક કલાકારો જોડિયા પાવા, મોરચંગ, સુરંદો જેવાં વાદ્યો સાથે લોકગીતો, ભજન, દુહા અને સુફી કલામની પ્રસ્તુતિ કરશે. સ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ભારમલ સંજોટના જણાવ્યા મુજબ યોગાભ્યાસ દ્વારા તન અને મનને સ્વસ્થ રાખવાના સંદેશ સાથે જ સંગીતના સૂર રેલાવીને આત્માને પરમાત્મા સાથે જોડવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

--------------------------------------------------------------------------------

## લમ્પી સામે રસીકરણ

કચ્છ જિલ્લામાં ચોમાસા દરમિયાન વધતા માખી-મચ્છરોના કારણે ફેલાતા લમ્પી સ્કીન ડિસીઝ સામે પશુધનને સુરક્ષિત કરવા પશુપાલન વિભાગ દ્વારા વ્યાપક રસીકરણ અભિયાન હાથ ધરાયું છે. જિલ્લાના તમામ ૧૦ તાલુકાઓ માટે કુલ ૩,૫૩,૦૦૦ રસીના ડોઝ ફાળવવામાં આવ્યા હતા, જેમાંથી અત્યાર સુધીમાં રેકોર્ડબ્રેક ૨,૭૭,૨૯૦ પશુઓનું સફળતાપૂર્વક રસીકરણ પૂર્ણ કરી લેવાયું છે..

--------------------------------------------------------------------------------

## હવામાન

ગુજરાત રીજન આસપાસ સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન અને તેલંગાણા તરફના ટ્રફની અસરને પગલે હવામાન વિભાગે આગામી ૭ દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને ૨૧ થી ૨૫ જૂન દરમિયાન દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં વરસાદી જોર વધશે. દરિયાકાંઠે પવનની ગતિ વધવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના અપાઈ છે. બીજી તરફ, પ્રિ-મોન્સુન એક્ટિવિટીના

કારણે આજે ભુજ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ઝરમર વરસાદી ઝાપટાં પડતા માર્ગો પણ પાણી વહી નીકળ્યા હતા.

---------------------------------------------------------------------------------------